GFSU
NAAC Accredited 'A' Grade
Gujarat Forensic Sciences University
Knowledge | Wisdom | Fulfilment

# CCC રજીસ્ટ્રેશન માટે અગત્યની સૂચનાઓ

1. ઓનલાઈન રજીસ્ટ્રેશન **તા. ૧૧/૦૪/૨૦૧૮ થી ૨૫/૦૪/૨૦૧૮ સુધી અથવા ૧૦૦૦૦ એપ્લીકેશન ફોર્મ ભરાય** ત્યાં સુધી ઓપન રહેશે. ઓનલાઈન ઉમેદવારોએ પોતાનું નામ (સર્વિસ બુક) પ્રમાણે એન્ટર કરવાનું રહેશે.
2. **તા. ૧૧/૦૪/૨૦૧૮ થી ૨૫/૦૪/૨૦૧૮ સુધી અથવા ૧૦૦૦૦ એપ્લીકેશન ફોર્મ ભરાય** ત્યાં સુધીમાં ઉમેદવારે માહિતી એન્ટર કરવાની રહેશે. રજીસ્ટ્રેશન ફોર્મ સંપૂર્ણ ભરાઈ જાય પછી સેવ કરીને તેની બે પાનાનાં ફોર્મની પ્રિન્ટ કાઢવાની રહેશે. અને એપ્લીકેશન નંબર અને પાસવર્ડ ત્યાર પછીના તમામ કામ માટે ઉપયોગ કરવાનો રહેશે.
3. રજીસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦/- (માત્ર થીયરી પરીક્ષા માટે), રૂ. ૧૦૦/- (માત્ર પ્રેકટીકલ પરીક્ષા માટે) અને રૂ. ૨૦૦/- (થીયરી અને પ્રેકટીકલ પરીક્ષા માટે) છે. જે ઉમેદવારે ઓનલાઈન ભરવાની છે.
4. એક વખત ફાઇનલ ફોર્મ સબમીટ કર્યા પછી ફોર્મની પ્રિન્ટ લઈ લેવાની રહેશે.
5. આ પ્રિન્ટેડ રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉમેદવારે પોતાની સહી તથા જે સંસ્થા/કચેરીમાં ફરજ બજાવતા હોય તે સંસ્થા/કચેરીનો સિક્કો અને ખાતાના વડા/આચાર્યની સહી સિક્કા સાથે કરવાના રહેશે. આ સહી તથા સિક્કા વગરના ફોર્મ અધૂરા ગણાશે અને સ્વીકારવામાં આવશે નહી.
6. રજીસ્ટ્રેશન ફોર્મ તથા કચેરી તરફથી મળેલ ઓળખપત્રમાં નામ સરખું હોવું જરૂરી છે. જો નામ માં તફાવત હશે તો અરજી સ્વીકારવામાં આવશે નહી.
7. ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના ડૉક્યુમેન્ટ્સ નીચે મુજબના હોવા જોઈએ.
   A. ઓરીજીનલ રજીસ્ટ્રેશન ફોર્મની પ્રિન્ટઆઉટ ઉમેદવારની સહી તથા સંસ્થા/કચેરીનો સિક્કો અને ખાતાના વડા/આચાર્યની સહી અને સિક્કો સાથે.
   B. ઓળખપત્રની નકલ (હાલની સર્વિસનું ઓળખપત્ર)
   C. જે તે સંસ્થા/કચેરીમાં હાજર થયા અંગેનો સંસ્થા/કચેરી તરફથી મળેલ લેટર.
8. ઉમેદવારે પોતાની અરજી, દર્શાવેલ પુરાવા તથા ફી ની ઓનલાઈન રીસીપ્ટ સાથે ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, સેક્ટર-૯, પોલીસ ભવનની નજીક, ગાંધીનગર-૩૮૨૦૦૭ ખાતે **તા. ૩૦/૦૪/૨૦૧૮ સુધીમાં જમા કરાવવાની રહેશે.**
9. દરેક ઉમેદવારે પરીક્ષા દરમ્યાન સર્વિસનું ઓળખપત્ર/લાયસન્સ/આધારકાર્ડ/પાસપોર્ટ/ઈલેકશનકાર્ડ/પાનકાર્ડ (આ બધામાંથી કોઈ એક) ફરજીયાત લાવવાનું રહેશે.

*****************************************